## ફોજદારી કેસ. નં–૬૫૬૧૦/૧૭

### આંક–૧ નીચે હુકમ

૧. કેસનું રેકર્ડ વંચાણે લેધુ. સરકાર તરફે વિ.વકીલશ્રીને સાંભળ્યા.

૨. આરોપી સામે નોંધાયેલ ફરીયાદ આધારે તપાસના અંતે, આરોપી સામે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપી સામે ચાર્જશીટ થયા બાદ, આરોપી સામે લોક અદાલતમાં રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં હાજર રહેવા માટે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે. અત્રેની અદાલતમાં જેટલા પણ કેસોમાં આરોપીનું પ્રોડકશન કર્યા વગર, જો જામીનપાત્ર ગુના સબબની ચાર્જશીટ હોય તો, ચાર્જશીટ સાથે આરોપીને હાજર રાખવા માં આવે છે. જે આરોપી કેસમાં કબુલાત કરવા માંગતા હોય, તેવા આરોપીઓને સીધી લોક અદાલતની મુદ્દત તારીખ આપવામાં આવે છે. ત્યારબાદ, પણ આરોપી અદાલતમાં હાજર રહે તે માટેની ખાત્રી કરવા સબબ ફરીથી આરોપી ઉપર સમન ઈસ્યુ કરાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર કરી શકેલ નથી. સદર કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે. નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના સરકયુલર નંબર ડી/૨૯૧૭/૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ ને ધ્યાને લેતા, આ કેસને ચાલુ રાખવામાં આવે તો કેસના તાર્કીક અંત સુધી જઈ શકાય તેમ નથી.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

### હુકમ

(૧) આ કામના આરોપીની સામે હાલના કેસની કાર્યવાહી બંધ કરી (સ્ટોપ પ્રોસીડીંગ) આરોપીને આ કામે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી પાછળથી પકડાઈ આવે તો તેની ઉપર આ કામનું તહોમત મુકી કાર્યવાહી કરવા માટે ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૦(૫) મુજબની પરવાનગી આપવામાં આવે છે, જે માટે આ અદાલતની ફરીથી પરવાનગી જે–તે સમયે લેવાની જરૂર રહેશે નહીં.

(૩) જો આરોપી રોકડ રકમની જામીનગીરી ઉપર જામીન મુકત થયેલ હોય, તો રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) કોઈ કીંમતી મુદ્દામાલ હોય તો તે અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. હુકમમાં કોઈ શરતો ફરમાવેલ હોય તો તે શરતો આથી રદ્દ કરવામાં આવે છે. જો મુદ્દામાલ અંગે કોઈ હુકમ થયો ન હોય તો તેના સાચા માલિકની તપાસ કરી જરૂરી ઈન્કવાયરી કરી, મુદ્દામાલ તેના સાચા માલિકને સુપ્રત કરવો.

(૫) વ્યાજબી સમયમાં મુદ્દામાલના સાચા માલિક સામે ન આવે તો સદર મુદ્દામાલ સરકાર ખાલસા કરવો અને તેની ઉપજ સરકાર ખાતે જમા કરાવવી.

હુકમ આજરોજ નામદાર વડી અદાલત ધ્વારા નકકી કરવામાં આવેલ સ્પેશયલ સીટીંગમાં (અદાલતમાં) વાંચી–સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ. (એમ. કે.ખેર)

તા.૧૩/૭/૨૦૧૯. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૨૧, અમદાવાદ.